# બાળમજૂરીનો પર્દાફાશ, 91 બાળક બચાવાયાં

**પુણાની** મુક્તિધામ અને સીતારામ સોસા. સાથે કુલ 6 સ્થળોએ પોલીસ-સામાજિક સંસ્થાના દરોડા

**બચાવાયેલાં** બાળકોમાં સૌથી નાની ઉંમરનું બાળક 7 વર્ષનું, ખોટાં વચનો અને ફરવાના બહાને બાળકો લવાયાં હતાં

સુરતઃ પુણા વિસ્તારની સીતારામ અને મુક્તિધામ સોસાયટીમાં દરોડા પાડીને ત્યાં ચાલતા ટેક્સટાઈલ યુનિટોમાંથી 91 બાળકોને બચાવી લેવામાં આવ્યા છે. બચાવવામાં આવેલા બાળકોમાં સૌથી નાની ઉંમરનું બાળક માત્ર 7 વર્ષનું છે.

મળતી માહિતી મુજબ, ગાયત્રી સેવા સંસ્થાન દ્વારા મળેલી ચોક્કસ માહિતીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઓપરેશનમાં નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ,રાજસ્થાન પોલીસના 22 અધિકારીઓ અને સુરતના પુણા પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને એસોસિએશન ફોર વોલન્ટરી એક્શન અને GSSના સભ્યો જોડાયા હતા. ઓપરેશન અંતર્ગત આજે બુધવારે સીતારામ સોસાયટી અને મુક્તિધામ સોસાયટી સહિત અંદાજે 6 લોકેશન પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા.

આ સમગ્ર મામલે જ્યારે પોલીસ અને બાળ આયોગે ફેક્ટરી સંચાલકોની પૂછપરછ કરી, ત્યારે માલિકોએ એવો બચાવ કર્યો હતો કે તેઓ બાળકોને તેમના માતા-પિતાની સંમતિથી જ કામ પર લાવ્યા હતા. જોકે, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ બાળકો પાસે આવું જોખમી કામ કરાવવું ગંભીર ગુનો હોવાથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચાર રાજ્યોમાંથી બાળકો લવાયાં હતાં

બચાવાયેલા બાળકોની ઉંમર 7 થી 14 વર્ષ વચ્ચે હોવાનું જાણવા મળ્યું છે. તેમાં મોટાભાગના બાળકો રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાંથી લાવવામાં આવ્યા હતા. ઉપરાંત ઉત્તર પ્રદેશના ત્રણ, બિહારનો એક અને ઝારખંડનો એક બાળક પણ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બાળકોને ખોટા વચનો આપીને અથવા ફરવા લઈ જવાના બહાને સુરત લાવવામાં આવતા હતા અને ત્યારબાદ ટેક્સટાઇલ યુનિટોમાં લાંબા કલાકો સુધી મજૂરી કરાવવામાં આવતી હતી.

### સાડીમાં દોરા કાપવા-મશીન ચલાવવાનું જોખમી કામ બાળમજૂરો કરતા હતા

માસૂમ બાળકોને સુરતના ટેક્સટાઇલ માર્કેટ સાથે જોડાયેલી નાની-નાની યુનિટોમાં કામે રાખવામાં આવ્યા હતા. કેટલાક બાળકો સાડીઓમાં દોરા કાપવાનું કરતા હતા, તો કેટલાક બાળકો પાસે જોખમી મશીનો ચલાવવામાં આવતા હતા. આ બાળકો દિવસભર ફેક્ટરીના ધુમાડા અને અવાજ વચ્ચે કામ કરવા મજબૂર હતા.

### 100 મકાનોમાં સર્ચ ઓપરેશન કરાયું

પોલીસ કાફલાએ સીતારામ સોસાયટીના અંદાજે 100 જેટલા મકાનોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન 27 જેટલા મકાનોમાં બાળકો પાસે મજૂરી કરાવવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે આ સ્થળોએથી કુલ 86 જેટલા બાળમજૂરોને છોડાવ્યા હતા. સામાજિક સંસ્થાના જણાવ્યા પ્રમાણે 91 બાળકો મૂક્ત કરાવ્યા છે.

### એક બાળક શર્ટ વગર કામ કરતું હતું

ઈમારતમાં માત્ર સાત વર્ષ જેટલા નાનાં બાળકો ત્યાં કામ કરતા મળ્યા. તેઓ ખૂબ જ ડરેલા અને થાકેલા હતા. ઘણા બાળકો દરરોજ 12 કલાકથી વધુ કામ કરતા હતા. ડો. પંડ્યાએ વધુમાં જણાવ્યું કે, એક નાનું બાળક શર્ટ વગર ઊભું હતું અને બીજાં બાળકો પાછળ છુપાઈ ગયું હતું.

### ચાર વર્ષથી કામ કરાવતા હતાઃ 8-10 હજાર પગાર આપતા

પ્રાથમિક તપાસ મુજબ કેટલાક બાળકો છેલ્લા ત્રણથી ચાર વર્ષથી આ યુનિટોમાં કામ કરી રહ્યા હતા, જ્યારે કેટલાક બાળકોને તાજેતરમાં જ તેમના ગામડાઓમાંથી અહીં લાવવામાં આવ્યા હતા.બચાવાયેલા બાળકોમાં રાજસ્થાનના ઉદયપુરના આદિવાસી વિસ્તારના 8 અને 10 વર્ષની ઉંમરના બે ભાઈઓ પણ સામેલ હોવાનું જાણવા મળ્યું છે.

### ગરીબીનો લાભ ઉઠાવીને એજન્ટો બાળકોને સુરત લાવતા હતા

આશ્ચર્યની વાત એ છે કે રેસ્ક્યુ કરાયેલા મોટાભાગના બાળકો સ્કૂલ ડ્રોપઆઉટ છે, એટલે કે તેઓએ અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો હતો. ગરીબ વર્ગના પરિવારની આર્થિક પરિસ્થિતિ વાકેફ થઈ એજન્ટો થોડાક પૈસાની મદદ કરી બાળકોને સુરત લાવતા હોવાનું બહાર આવ્યું છે.

# વિજિલન્સે 20 બાંધકામ તોડવા કહ્યું, ભૈરવ દેસાઈએ 1 જ તોડ્યું

**લક્ષ્મીનારાયણ** એસ્ટટેના 13 અને ભગવતી એસ્ટેટના 6 બાંધકામ ગેરકાયદે હોવાનો રિપોર્ટ છતાં ઝોનના અધિકારીઓએ આંખ આડા કાન કર્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકાનું ઉધના ઝોનમાં ડિમોલીશન મુદ્દે ઝોનના અધિકારીઓ અને શહેર ભાજપ પ્રમુખ વચ્ચે ગરમાગરમી થતાં, લક્ષ્મીનારાયણ અને ભગવતી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં થયેલી ડિમોલીશનની કામગીરીને લઈને વિવાદોના વમળ ઊઠ્યા છે. આ મુદ્દે જાણી જોઈને ઝોનના તંત્ર દ્વારા ચોક્કસ બાંધકામને ટાર્ગેટ કરાયું હોવાના આક્ષેપ ઊઠ્યા છે. તેમાં શહેર પ્રમુખ સાથે પણ વાદ-વિવાદ થતાં આ મુદ્દે આગામી સમયમાં નવાજૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

આ પ્રકરણમાં ચોંકાવનારી વિગત એ છે કે, વિજીલન્સ વિભાગે વર્ષ 2024-25 દરમિયાન આ બંને એસ્ટેટના ગેરકાયદે બાંધકામો મુદ્દે ઝોન ઓફિસને કુલ 65 વખત પત્રો લખ્યા હતા, છતાં તંત્રએ લાંબો સમય સુધી મૌન સેવ્યું હતું. આ યાદીમાં લક્ષ્મીનારાયણ એસ્ટેટના 13 પ્લોટ અને ભગવતી એસ્ટેટના 6 પ્લોટનો સમાવેશ થતો હતો. જોકે, તાજેતરમાં જ્યારે ઝોન દ્વારા બાંધકામ તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી, ત્યારે તમામ બાંધકામોને બદલે ચોકકસ બાંધકામોનું જ ડિમોલીશન થતાં અન્ય બાંધકામોમાં વહીવટ થયાની શંકા ઊઠી રહી છે. જે ફરિયાદ શહેર ભાજપ સંગઠન સુધી પહોંચતા શહેર પ્રમુખે બન્ને અધિકારીઓને આડે હાથ લીધા હોવાનું કહેવાય રહ્યું છે. કેમકે મિલકતદારોની રજૂઆત બાદ શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યવાહી રોકવા સૂચના આપી હતી.

આમ છતાં, ઝોનલ ચીફ અને કાર્યપાલક ઈજનેર દ્વારા શહેર ભાજપ પ્રમુખને પણ કોરાણે મૂકી કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે.

### ધગધગતી ગરમીમાં જીવનના અસ્તિત્વ માટેની લડાઈ



■ ઉનાળાની ધગધગતી ગરમીનો તાપ જ્યાં માનવી માટે અસહ્ય બની રહ્યો છે ત્યાં અબોલ પશુ-પક્ષીઓ માટે પણ જીવનના અસ્તિત્વનો પ્રશ્ન બન્યો છે. તસવીરમાં એક પક્ષી એસીમાંથી ટપકતાં પાણીના ટીપામાંથી જીવન ટકાવી રાખવા મહેનત કરતું નજરે પડે છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# ચિરાગ ગોટીના બે સાગરીતની ધરપકડ, 2 દિવસનાં રિમાન્ડ

**શફી** ડ્રગ્સ કેસમાં લાજપોર જેલમાં બંધ હતો, જ્યારે સમીર પણ ડ્રગ્સ કેસમાં મુંબઈ જેલમાં બંધ હતો

સુરતઃ ઓઈલના વેપારી અલ્પેશ મીયાણીને ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવવા માટે રચાયેલા કાવતરામાં સામેલ મુખ્ય આરોપી ચિરાગ ગોટીને નશીલા પદાર્થો પૂરો પાડનારા બે રીઢા ગુનેગારની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ, ચિરાગ ગોટીએ પોતાના ભૂતપૂર્વ ભાગીદાર અલ્પેશ મિયાણીને ફસાવવા માટે પોતાના ભાઈ નિરાંત ઉર્ફે લલ્લુ ગોટી મારફત અલ્પેશની કારમાં ડ્રગ્સ મુકી દીધું હતું. આ ગુનામાં સંડોવાયેલા ચિરાગ ગોટી સહિતના આરોપીઓની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી.

ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર સરફરાજ ઉર્ફે સફી અમદાવાદી (રહે., કોસાડ આવાસ, અમરોલી)ની લાજપોર જેલમાંથી તેમજ સમીર હિમ્મતભાઈ બલ્લર (રહે., રાજા નંદન સોસાયટી, કતારગામ)ની મુંબઈ સેન્ટ્રલ જેલમાંથી કબજો મેળવી ધરપકડ કરી આજે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગ્યા હતા. કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીઓના તા. ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે ૧૭:૦૦ વાગ્યા સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલ પોલીસ આ રેકેટમાં અન્ય કોણ સામેલ છે અને ડ્રગ્સનો સ્ત્રોત શું છે તે દિશામાં સઘન પૂછપરછ કરી રહી છે.

# વતનની જૂની અદાવતમાં યુવાનને ચપ્પુના અસંખ્ય ઘા ઝીંકી દેવાયા

**લિંબાયતમાં** નીલગીરી સર્કલ પાસે યુપીના યુવાન પર ચાર મિત્રો દ્વારા હુમલો કરી પતાવી દેવાયો

સુરત : લિંબાયતના નીલગીરી સર્કલ પાસે વતનની જૂની અદાવત રાખીને ઉત્તર પ્રદેશના ૨૫ વર્ષીય યુવાનની તેના જ ચાર મિત્રોએ ચપ્પુના અસંખ્ય ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાંખતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, લિંબાયત વિસ્તારમાં રહેતો અને વેલ્ડિંગના વ્યવસાય સાથે સંકળાયેલો આશિક ઈશ્ત ખાન પઠાણ (ઉ.વ. ૨૫, મૂળ રહે. ઉત્તર પ્રદેશ) ગત સાંજે નીલગીરી સર્કલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન તેના જ વતનના ચાર જેટલા મિત્રોએ તેને આંતરી લીધો હતો. અને ચારેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈ આશિક પર ચપ્પુ વડે તૂટી પડ્યા હતા. જાહેરમાં થયેલા આ હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં આશિકને સારવાર અર્થે સ્મીમેરમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક અને હુમલાખોરો વચ્ચે વતનમાં કોઈ જૂની અદાવત ચાલી રહી હતી, જેનો ખાર રાખીને આ કરપીણ હત્યાને અંજામ આપવામાં આવ્યો છે. લિંબાયત પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી ફરાર થઈ ગયેલા ચારેય આરોપીઓની ધરપકડ કરવા માટે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.

### આઠ મહિના પહેલાં આરોપીઓ અને મૃતક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો

લિંબાયત પીઆઈ પાસે મળેલી માહિતી મુજબ મરણ જનાર અને આરોપીઓ વિરુદ્ધ આઠ મહિના પહેલા લિંબાયત પોલીસમાં ગુનો નોંધાયો હતો. જેથી આરોપીઓ યુપી ભાગી છૂટ્યા હતા. યુપીથી પરત આવતા આજે તેઓ ભેગા થઈ જતા ઝગડો શરૂ થયો હતો. અને આરોપીઓ કેસ પાછો ખેંચવા કહેતા મરણ જનારે ના પાડતા તેની પર ચપ્પુ અને કુહાડી વડે હુમલો કરી દીધો હતો.

## પાલમાં હોટલ બહાર મોપેડની ડિક્કી તોડી 14.18 લાખની ચોરી

સુરતઃ વેસુ વીઆઈપી રોડ સ્થિત ડીએમડી પાર્કમાં રહેતા વાત્સલ્યભાઈ મહેન્દ્રભાઈ શેઠ હીરા દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત તા. ૯ મેના રોજ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં તેઓ કામ અર્થે પાલ વિસ્તારમાં આવેલી જાણીતી ડી-વિલા ગાર્ડન રેસ્ટોરેન્ટ ખાતે ગયા હતા. તેમણે પોતાની જીજે-૦૫-એચવાય-૦૧૦૬ નંબરની મોપેડ રેસ્ટોરેન્ટના મેઈન ગેટ પાસે આર.સી.સી. રોડ પર પાર્ક કરી હતી. તસ્કરોએ તેમની મોપેડને નિશાન બનાવી ડિક્કીનું લોક તોડી બેગમાં રાખેલા રૂ.૧૩,૧૮,૯૦૪ની કિંમતના મિક્સ પોલિશ્ડ તેમજ ફેન્સી ડાયમંડ સાથે દલાલીના કામ પેટે મળેલા રૂ.૧ લાખ રોકડા ચોરી ગયા હતા. પાલ પોલીસે ગુનો નોંધ્યો હતો.

**માજી પ્રમુખોએ બહુમતીથી ઉમેદવાર નક્કી કરતાં**

# ચેમ્બરમાં ઉપપ્રમુખ પદ માટે બખેડો

**સી.એ.** મિતીષ મોદી અને રવિરાજ દેસાઈએ માજી પ્રમુખોની ફોરમને વિડ્રોઅલ આપી મતદાન કરાવતાં દેસાઈની બહુમતીથી પસંદગી થઈ

**મેરિટ** અને અનુભવ પર ઉમેદવાર નક્કી કરવાને બદલે મતદાનની વાતથી નિલેશ માંડલેવાલા-રોહિત મહેતા દ્વારા બેઠકનો બહિષ્કાર

સુરતઃ ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં સભ્યોને બદલે માજી પ્રમુખોએ બહુમતીથી ઉમેદવાર નક્કી કરતા બખેડો થયો હતો. ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણી માટે સી.એ. મિતીષ મોદી, રવિરાજ દેસાઈ, નીતિન ભરૂચા અને મનીષ કાપડિયા ઉમેદવાર તરીકે ઊભા છે. જ્યારે બિજલ જરીવાલા અને ભરત વાણાવાલાએ ઉમેદવારી પરત ખેંચી લેવાનો પત્ર ચૂંટણી કમિટીને મોકલી આપ્યો હતો. કહે છે કે સી.એ. મિતીષ મોદી, રવિરાજ દેસાઈએ પોતાનામાંથી એકની પસંદગી કરવા ચેમ્બરમાં 22 માજી પ્રમુખની ફોરમને વિડ્રોઅલ મોકલી બંને ઉમેદવારને સાંભળી નિર્ણય લેવા જણાવ્યું હતું. જ્યારે અન્ય બે ઉમેદવાર નીતિન ભરૂચા અને મનીષ કાપડિયાએ માજી પ્રમુખોની ફોરમમાં જવાનું ટાળી પોતાના ઉમેદવારો ઊભી રાખી છે. બુધવારે સાંજે બહુમતી મેનેજિંગ કમિટી સભ્યો અને ગ્રુપ ચેરમેન સી.એ. મિતીષ મોદી સાથે રજૂઆત કરવા ગયા હતા. એવી જ રીતે રવિરાજ દેસાઈ પણ પોતાના સમર્થકો સાથે રજૂઆત કરવા પહોંચ્યા હતા.

મેરિટ અને અનુભવ પર ઉમેદવાર નક્કી કરવાને બદલે માજી પ્રમુખો પૈકી એક, બે માજી પ્રમુખે મતદાનની વાત કરતા નિલેશ માંડલેવાલા અને રોહિત મહેતા મતદાન પ્રક્રિયાનો વિરોધ નોંધાવી બેઠકનો બહિષ્કાર કર્યો હતો. એ પછી થયેલા મતદાનમાં રવિરાજ દેસાઈને સર્વાનુમતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જો કે, કોને કેટલા મત મળ્યા એ જાહેર કરવામાં આવ્યું ન હતું. માજી પ્રમુખની ફોરમમાં એક ચૂંટણી અધિકારીથી નહીં રહેવાતાં તેમણે કેટલીક ટિપ્પણીઓ કરી હતી. એનાથી એક ઉમેદવાર નારાજ થયા હતા. તેણે આ પગલાંને નિયમ વિરુદ્ધ ગેરબંધારણીય ગણાવી તેમનું રાજીનામું માંગ્યું હતું.

સી.એ. મિતીષ મોદીની બ્રીફ માજી પ્રમુખોના જૂથને નહીં ગમતાં બે માજી પ્રમુખોએ લેતાં બે દિવસ પૂર્વે મોદી માટે સહમત માજી પ્રમુખો પૈકી કેટલાક મતદાનમાં ફરી ગયા હતા. એક માજી પ્રમુખે મિતીષ મોદીનો મોરચો સાંભળતા 8 માજી પ્રમુખોએ છેલ્લી ઘડીએ મન બદલી રવિરાજ દેસાઈને મત આપી દીધો અને પરિણામ પલટાઈ ગયું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ સી.એ. મિતીષ મોદીએ ઈલેક્શન કમિટીના સભ્યોને પત્રો મોકલી પોતે ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા છે. તેઓએ માજી પ્રમુખોની ફોરમને આપેલો પત્ર રદબાતલ ગણવો અને તેઓ ચૂંટણી કમિટી સમક્ષ રૂબરૂ હાજર થઈ પોતાની સહીથી ઉમેદવારી નહીં ખેંચે ત્યાં સુધી પોતાને ઉમેદવાર તરીકે ગણવા, આ લિગલ બેટલ પર ચૂંટણી કમિટી સંભવતઃ કાનૂની અભિપ્રાય સાથે નિર્ણય લેશે એવું સૂત્રોએ જણાવ્યું હતું.

# સહરા દરવાજા બ્રિજ પર ચાલુ રિક્ષામાંથી મહિલાનું પર્સ ઝૂંટવાયું

**મુસાફરી** કરી પરત ફરેલું ભટારનું દંપતી રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યું હતું

સુરતઃ સહરા દરવાજા બ્રિજ પર મોટરસાઈકલ પર આવેલા એક રીઢા ગુનેગારે ચાલુ રિક્ષામાં મહિલાના ખભા પરથી પર્સની આંચકી કરી ફિલ્મી ઢબે ફરાર થઈ ગયો હતો.

ભટાર રોડ પર આવેલા નિષ્ઠા આશિષ એપાર્ટમેન્ટમાં રહેતા અને પ્લાયવુડ-હાર્ડવેરના વ્યવસાય સાથે સંકળાયેલા રાહુલભાઈ રાજેન્દ્રભાઈ જૈન ગત ૧૧મી મેના રોજ પત્ની જયશ્રીબેન અને પરિવાર સાથે મુસાફરી કરી પરત ફર્યા હતા. વહેલી સવારે આશરે સવા ત્રણ વાગ્યાના અરસામાં સુરત સેન્ટ્રલ રેલવે સ્ટેશનથી ઓટો રિક્ષા ભાડે કરી તેઓ પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. દંપતીની રિક્ષા જ્યારે ગોલ્ડન પોઈન્ટથી સહારા દરવાજા બ્રિજ તરફ ચડી રહી હતી, ત્યારે અંધારાનો લાભ લઈ એક અજાણ્યો બાઈકસવાર રિક્ષાની એકદમ નજીક ધસી આવ્યો હતો અને જયશ્રીબેનના ખભા પર લટકાવેલું મરૂન રંગનું પર્સ જોરદાર ઝટકા સાથે ઝૂંટવી લઈ ફરાર થઈ ગયો હતો.

બેગમાં ૧૫,૦૦૦ રૂપિયાની રોકડ રકમ સાથે પાન કાર્ડ તેમજ વિવિધ બેંકના ક્રેડિટ કાર્ડ હતા. દંપતીએ આ મામલે તુરંત મહિધરપુરા પોલીસનો સંપર્ક કર્યો હતો.

મહિધરપુરા પોલીસે રાહુલ જૈનની ફરિયાદના આધારે અજાણ્યા બાઈકસવાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટના સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી સ્નેચરનું પગેરું દબાવવા તજવીજ શરૂ કરી છે.

**CBSEના પરિણામની સાથે સાથે...**

## જી.ડી.ગોયેન્કાનું CBSE ધો.12 બોર્ડ પરીક્ષામાં સતત 13મા વર્ષે 100% પરિણામ



સુરતઃ સુરતની જી.ડી.ગોયેન્કા ઇન્ટરનેશનલ સ્કૂલે સતત 13મા વર્ષે CBSE ધો.12 બોર્ડ પરીક્ષામાં 100 ટકા પરિણામ હાંસલ કર્યું છે. આ વર્ષે શાળાના કુલ 152 વિદ્યાર્થીએ ધો.12ની પરીક્ષા આપી હતી, જેમાંથી 58 વિદ્યાર્થીએ 90 ટકાથી વધુ, 50 વિદ્યાર્થીએ 80થી 89 ટકા, 36 વિદ્યાર્થીએ 70થી 79 ટકા અને 7 વિદ્યાર્થીએ 60થી 69 ટકા સુધીના ગુણ પ્રાપ્ત કર્યા છે. સાથે જ 22 વિદ્યાર્થીએ વિવિધ વિષયોમાં 100માંથી 100 ગુણ મેળવી અનોખી સિદ્ધિ નોંધાવી છે. સાયન્સ પ્રવાહનું ઓવરઓલ પરિણામ 86.70 ટકા રહ્યું છે. પ્રવાહમાં કુલ 59 વિદ્યાર્થી પરીક્ષામાં સામેલ થયા હતા, જેમાંથી 6 વિદ્યાર્થીએ 100માંથી 100 ગુણ મેળવ્યા છે. કોમર્સ પ્રવાહમાં ભવ્યા ઝુનઝુનવાલાએ 98.8 ટકા (494/500) ગુણ મેળવી સમગ્ર સુરત શહેરમાં બીજા ક્રમે સ્થાન મેળવ્યું છે. કોમર્સ પ્રવાહનું ઓવરઓલ પરિણામ 86.53 ટકા રહ્યું છે. કુલ 91 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી 16 વિદ્યાર્થીઓએ 100માંથી 100 ગુણ મેળવ્યા છે. હ્યુમેનિટીઝ પ્રવાહમાં ધ્રુવી ભરતભાઈ વસારાએ 96.2 ટકા (481/500) ગુણ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું છે.

### સાયન્સ પ્રવાહના ટોપ વિદ્યાર્થીઓ નીચે મુજબ છે

| પોઝિશન | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| 1 | સોહમ બોરાડ | 97.2% |
| 2 | ઉન્નતિ જૈન | 96.2% |
| 3 | તનય સંઘવી | 95.8% |
| 4 | રિદ્ધિ કેડિયા | 95.6% |
| 5 | પ્રથમ ટેકરીવાલ | 95.4% |

### કોમર્સ પ્રવાહના ટોપ વિદ્યાર્થીઓ નીચે મુજબ છે

| પોઝિશન | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| 1 | ભવ્યા ઝુનઝુનવાલા | 98.8% |
| 2 | નિયતિ તયાલ | 98.6% |
| 3 | આયુષ ગોયલ | 98.4% |
| 4 | ચેલ્શી સાવલિયા | 97.2% |
| 4 | કાશ્વી અગરવાલ | 97.2% |
| 5 | જય ભદાની | 97% |
| 6 | અભિષેક જોધાણી | 96.6% |

### હ્યુમેનિટીઝ પ્રવાહનું પરિણામ નીચે મુજબ રહ્યું છે

| પોઝિશન | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| 1 | ધ્રુવી વસારા | 96.2% |

## એસ.ડી. જૈન સ્કૂલની આસ્થાના 99 ટકા સાથે સૌથી વધુ ગુણનો દાવો



સુરતઃ સુરતના વેસુ સ્થિત એસ.ડી. જૈન મોડર્ન સ્કૂલના વિદ્યાર્થીઓએ કોમર્સ, સાયન્સ અને આર્ટ્સ ત્રણેય પ્રવાહોમાં ઉત્તમ પ્રદર્શન કર્યું છે. કોમર્સ પ્રવાહમાં આસ્થા દારૂકાએ 99 ટકા ગુણ મેળવી શાળા અને શહેરમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. વિદ્યાર્થીનીએ 500માંથી 495 ગુણ મેળવ્યા છે. આસ્થાને એકાઉન્ટ્સ અને એન્ટરપ્રેન્યોરશિપ વિષયમાં 100માંથી 100 ગુણ મળ્યા છે, જ્યારે ઇકોનોમિક્સ અને બિઝનેસ સ્ટડીઝમાં 99-99 તથા અંગ્રેજીમાં 97 ગુણ મળ્યા છે. સાયન્સ પ્રવાહમાં વેદાંત શર્માએ 94.60 ટકા અને એકલવ્ય અગ્રવાલે 94.40 ટકા ગુણ મેળવ્યા હતા. જ્યારે આર્ટ્સ પ્રવાહમાં જુબેદા જાનુહસને 96 ટકા ગુણ મેળવ્યા હતા. પ્રિન્સિપાલ ચેતન દાલવાલાએ જણાવ્યું હતું કે શાળાના કુલ 340 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તમામ પ્રથમ વર્ગમાં પાસ થયા છે. જેમાં 145 વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ, 255 વિદ્યાર્થીઓએ 80 ટકાથી વધુ અને 320 વિદ્યાર્થીઓએ 70 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે. બિઝનેસ સ્ટડીઝમાં 28, એકાઉન્ટ્સમાં 21, એન્ટરપ્રેન્યોરશિપમાં 16, એપ્લાઇડ મેથ્સમાં 9, સાયકોલોજીમાં 2 અને અંગ્રેજીમાં 1 વિદ્યાર્થીએ 100માંથી 100 ગુણ મેળવ્યા છે. શાળાના ચેરમેન કૈલાશ જૈન અને હેડમાસ્ટર કિરણ કટારિયાએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

### એસ.ડી.જૈન સ્કૂલમાં કોમર્સના ટોપર

| નામ | માર્ક | ટકા |
|---|---|---|
| આસ્થા દારૂકા | 495 | 99.00 |
| લાવન્યા ખુરાના | 494 | 98.80 |
| ભવ્યા શાહ | 492 | 98.40 |
| હર્ષિતા બંસલ | 492 | 98.40 |
| નિષ્ઠા જૈન | 492 | 98.40 |
| દ્રિષ્ટી ગુપ્તા | 491 | 98.20 |
| વંદન બિહાણી | 491 | 98.20 |
| ધ્યેય અગ્રવાલ | 490 | 98.00 |
| હાર્દિક લાડીયા | 490 | 98.00 |
| હંશિકા ચૌધરી | 490 | 98.00 |

## જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલનું સા.પ્ર.માં 100 ટકા અને વિ. પ્ર.માં 97.80 ટકા પરિણામ નોંધાયું



સુરતઃ શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ દ્વારા જાહેર થયેલ ધોરણ 12ના પરિણામોમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું છે. શાળામાં 17 વિદ્યાર્થીઓએ એ-1 ગ્રેડ મેળવ્યો છે, જ્યારે 32 વિદ્યાર્થીઓએ એ-2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાનું સામાન્ય પ્રવાહનું પરિણામ 100 ટકા રહ્યું છે, જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 97.80 ટકા પરિણામ નોંધાયું છે. સામાન્ય પ્રવાહમાં અનીવૃત ગોહિલે 478 ગુણ મેળવી શાળામાં ટોચનું સ્થાન મેળવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં પ્રિન્સ સહાની એ 467 ગુણ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

## શ્રી વસિષ્ઠ વિદ્યાલયનું કોમર્સ અને સાયન્સ બંને પ્રવાહમાં 100 ટકા પરિણામ

સુરતઃ શ્રી વસિષ્ઠ વિદ્યાલય (CBSE)એ CBSE ધો.12 બોર્ડ પરીક્ષા 2026માં ફરી એકવાર શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનું દમદાર પ્રદર્શન કરીને સફળતાનો નવો સીમાચિહ્ન સ્થાપ્યો છે. શાળાએ પોતાની ગુણવત્તાસભર શિક્ષણ પરંપરાને જાળવી રાખતા બંને પ્રવાહોમાં 100 ટકા પરિણામ નોંધાવ્યું છે. શાળાનું માર્ગદર્શક સૂત્ર "Plan, Persevere & Persist"વિદ્યાર્થીઓમાં શિસ્ત, સમર્પણ અને સતત મહેનતની ભાવનાને પ્રેરિત કરતું રહ્યું છે, જેના પરિણામે આ વર્ષે પણ ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત થયાં છે. કોમર્સ પ્રવાહમાં ધૈર્ય પિપલવાએ 99.0 ટકા ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે શૈલી મોદીએ 98.6 ટકા સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. અક્ષિતા બાબેલ અને વિનિતા તેલીએ 97.6 ટકા ગુણ સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ પ્રવાહમાં કુલ 105 વિદ્યાર્થીએ 75 ટકા અથવા તેથી વધુ ગુણ મેળવી ડિસ્ટિંક્શન મેળવ્યું છે. સાયન્સ પ્રવાહમાં મંથન પટેલે 96.8 ટકા ગુણ સાથે ટોપર બન્યો છે. ત્યારબાદ ડેઝી શાહે 96.2 ટકા અને ઝરણા લાઠીગારાએ 95.0 ટકા ગુણ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું છે. સાયન્સ પ્રવાહમાં પણ 112 વિદ્યાર્થીએ 75 ટકા અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. સમગ્ર પરિણામના આંકડા પણ શાળાની મજબૂત શૈક્ષણિક વ્યવસ્થાને ઉજાગર કરે છે. કુલ 1320 વિષયમાં ડિસ્ટિંક્શન નોંધાયા છે, જ્યારે 368માંથી 352 વિદ્યાર્થીએ 60 ટકા કરતાં વધુ ગુણ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે.